PG CL પશ્ચિમ ગુજરાત વિજ કંપની લિમિટેડ PG CL

## ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર

રજી. અને કોર્પોરેટ ઓફિસ, લક્ષ્મીનગર, નાના મવા રોડ, રાજકોટ ફોન નં. (૦૨૮૧) ૨૩૮૦૪૨૫ - ૨૩૮૦૪૨૭, ફેક્સ નં. (૦૨૮૧) ૨૩૮૦૪૨૮

CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com ઈ–મેઈલ :– forum.pgvcl@gebmail.com

પીજીવીસીએલ/સીજીઆરએફ/૦૮/કવા–૦૧/૧૨–૧૩/ 2439 તા. 20/06/15

રજી. એ.ડી પત્ર

પ્રતિ,
જાદવજીભાઈ ડુંગરજીભાઈ કાકડીયા,
C/O, શ્રી શૈલેષભાઈ ગોરધનભાઈ કાકડીયા,
અર્જુન પાર્ક પાછળ,
ચીતલીયા રોડ, અર્જુન પાર્ક,
જસદણ
જી: રાજકોટ
મો: ૯૯૨૫૭ ૬૩૯૦૫

વિષય :– વીજબીલ બાબત
સંદર્ભ:– આપની અરજી , તા.નીલ (અત્રે ના ફોરમ ની નોધણી નંબર :૦૮/કવા–૦૧/૧૨–૧૩)

શ્રીમાન,

આપની ઉપરોક્ત વિષય અને સંદર્ભ મુજબની અરજી અન્વયે, અત્રેના ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર ની ફોરમ કમીટી તરફથી કરાયેલ નિર્ણય આ સાથે આપને મોકલવામાં આવે છે.

જે આપને સુવિદીત થાય. આભાર સહ.,

આપનો વિશ્વાસુ

( કે. ડી. વીરડીયા )
કન્વીનર
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર,
પીજીવીસીએલ – રાજકોટ.

બિડાણ : નિર્ણયપત્ર (પાના નં.-3..)

નકલ રવાના :
(૧) અધિક્ષક ઈજનેર શ્રી, પીજીવીસીએલ, ગ્રામ્ય વર્તુળ કચેરી , રાજકોટ
(૨) કાર્યપાલક ઈજનેર શ્રી, પીજીવીસીએલ, વિભાગીય કચેરી જસદણ
(૩) નાયબ ઈજનેર શ્રી, પીજીવીસીએલ, પેટા વીભાગીય કચેરી, સરધાર

...સદર નિર્ણયપત્રની નકલ આપને આ સાથે મોકલવામાં આવે છે. જેની તમામ વિગતો અભ્યાસે લઈ અને નિર્ણયપત્રમાં દર્શાવેલ બાબતોની તાકીદે અમલવારી કરી અને તેનો લેખિત પ્રત્યુતરપત્ર અરજદારશ્રી તેમજ અત્રેના ફોરમને પાઠવવાનું આપને ભારપૂર્વક જણાવવામાં આવે છે.

[NO:- 06 /A]

# ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર(રાજકોટ ફોરમ)

**પીજીવીસીએલ, રજી. અને કોપોરેટ કચેરી,લક્ષ્મીનગર નાનામૌવા રોડ, રાજકોટ**

**CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com**

| કેસ નં. : સીજીઆરએફ : ૦૮/કવા–૦૧/૧૨–૧૩ | કમિટિ મીટીગ તા.૧૨–૦૮–૧૬ | સ્થળ :–રાજકોટ |
|---|---|---|

**પક્ષકાર નં.: –(૧) અરજદાર (ફરીયાદી) :**

**અરજદાર (ફરીયાદી) : નામ: જાદવજીભાઈ ડુંગરજીભાઈ કાકડીયા,ગામ: જસદણ**

**રજુઆત કરનાર : અરજદાર હાજર રહેલ ન હતા.**

## વિરૂધ્ધ

**પક્ષકાર નં.: –(૨) પીજીવીસીએલ (સામેવાળા) :**

**પીજીવીસીએલ (કચેરી) : પેટા વીભાગીય કચેરી,જસદણ (કાર્યક્ષેત્ર : વિભાગીય કચેરી જસદણ)**

**રજુઆત કરનાર :બી.આર.વડાવીયા, કાર્યપાલક ઈજનેર વિભાગીય કચેરી જસદણ**

## : હુકમ :

**ફરીયાદ : વીજબીલ બાબત**

**મુદદા નં.–૧ : પક્ષકાર નં. –(૧) અરજદાર (ફરીયાદી) ની રજુઆત**

| | |
|---|---|
| ૧ | અરજદાર જણાવે છે કે, તેમના ગામ : વિરપુર ખાતે આવેલ ખેતીવાડી વીજજોડાણ નં.:૩૪૮૬૩/૦૫૦૨૦/૮ (હોપા–૩) વાળુ ખેતર માત્ર ૦૫ વીઘા જમીન નુ જ છે. અને પાણીનો સ્ત્રોત, કુવો ૫૦ ફુટ ની ઉંડાઈ વાળો છે. અને તેમા સીચાઈ ના પાણી ની ઉપલબ્ધી માત્ર ૦૪ માસ થી ૦૫ માસ સુધી ની જ છે. આમ, આ કુવો બાર માસી પાણી વાળો નથી. પરંતુ, ૦૪ થી ૦૫ માસ ની સીઝન વાળો પાણી છે. તેઓનુ આ જોડાણ ઘણા વર્ષો પહેલાનુ છે. અને, વર્ષો થી, સીઝનગાળ ના, ૦૪ થી ૦૫ માસ દરમ્યાન નો પ્રતિ દ્રીમાસીક સરેરાશ વીજવપરાશ, ૧૦૦૦ યુનીટ થી ઓછો છે. નોન સીઝન સમયગાળા – એટલેકે ઉનાળા અને ચોમાસા ના ૦૭ થી ૦૮ માસ દરમ્યાન દ્રીમાસીક વીજબીલીગ વીજવપરાશ માત્ર નહીવત યુનીટ પુરતો જ હોય છે. તેમ છતા, પીજીવીસીએલ તરફથી તેઓને માહે ફેબ્રુઆરી–માર્ચ –૨૦૧૦ નુ વીજબીલ, જે ૮૬,૩૭૦ યુનીટ નુ, રૂ.૪૩,૩૦૬/– નુ જે અપાયેલ છે, તે બીલ, જે ખરેખર ક્ષતિગ્રસ્ત મીટર ના કારણોસર નુ હોય, સદર મીટર ની ગુણવતા યુકત તાંત્રીક ચકાસણી કરી, અને તે મુજબ મીટર ની ખરી તાંત્રીક સ્થિતી નકકી કરી અને, કુવાના પાણી ની સ્થિતી, સીચાઈ ના સ્થળ ની ક્ષમતા, અને ખેતીવાડી ની સીઝન વગેરે તમામ બાબતો ને ધ્યાને લઈને, સદર વીજબીલ ને ન્યાયિક રીતે મુલવવા માટે, અરજદારે અત્રેના ફોરમ સમક્ષ ન્યાયિક રજુઆત કરેલ છે. |

**મુદદા નં.–૨ : પક્ષકાર નં. –(૨) પીજીવીસીએલ (સામેવાળા) ની રજુઆત**

| | |
|---|---|
| ૧ | ફરીયાદી અરજદાર શ્રી ના ગામ : વિરપુર ખાતે આવેલ ખેતીવાડી વીજજોડાણ નં.:૩૪૮૬૩/૦૫૦૨૦/૮ (હોપા–૩) નુ સવાલવાળુ એલએન્ડટી કંપની નુ મીટર નંબરઃ ૮૧૩૮૩૭૦, જે અગાઉ તા.૦૨–૦૧–૨૦૦૯ થી, પર્ફોમા –૧૫ નંબરઃ ૧૭૧૮૬૧ થી, શરૂઆતના ૦૦૦૧૪ યુનીટ થી લગાડવામા આવેલ હતુ. આ મીટર ને તા.૧૩–૦૫–૨૦૧૦ ના રોજ, પર્ફોમા –૧૫ નંબરઃ ૧૯૭૦૪૬ થી ઉતારી અને પેપરપેક કરવામા આવેલ હતુ. આ સમયે, જોડાણ ના મીટર નો " ડિસ્પલે ડિસએપીયર" હોય, છેલ્લા રીડીગ નોંધાયેલ ન હતા. આ સમયે, તા.૧૩–૦૫–૨૦૧૦ ના રોજ, જોડાણ ના સ્થાપન પર નવુ એલએન્ડટી કંપની નુ મીટર નંબરઃ ૧૨૮૪૮૯, જે શરૂઆતના ૦૦૦૦૧૫ યુનીટ થી લગાડવામા આવેલ હતુ. |
| ૨.૨ | ત્યારબાદ, ફરીયાદી અરજદાર શ્રી ના એલએન્ડટી કંપની નુ મીટર નંબરઃ ૮૧૩૮૩૭૦ ને, તા.૦૩–૧૨–૨૦૧૦ ના રોજ, પીજીવીસીએલ ની લેબોરેટરી માં ચકાસણી કરવામા આવેલ હતુ. લેબોરેટરી ચકાસણી દરમ્યાન, મીટર મા છેલ્લા રીડીગ ૮૭૫૨૪.૪૩ નોંધાયેલ હતા. આમ, મીટર લેબોરેટરી ચકાસણી દરમ્યાન તાંત્રીક રીતે યોગ્ય જણાયેલ હોવાથી, અરજદાર શ્રી ને ૮૬૩૭૦ યુનીટ ( લેબોરેટરી મા જણાયેલ છેલ્લા રીડીગ ૮૭૫૨૫ યુનીટ – આગલા માહે ડિસેમ્બર–જાન્યુઆરી –૧૦ ના નિયમીત રીડીગ દરમ્યાન ના છેલ્લા રીડીગ ૧,૧૫૫ = ૮૬૩૭૦) મુજબ નુ, અગાઉ સવાલવાળુ વીજબીલ અપાયેલ છે. |

| | |
|---|---|
| ૨.૩ | હાલ ના તબ્બકે, સદર જુનુ મીટર સ્ક્રેપ થયેલ હોય, લેબોરેટરી મા મોજુદ નથી. પરંતુ, મુદદા નં. ૨.૨ મુજબ ની વિગતે ની, લેબોરેટરી ચકાસણી દરમ્યાન, સદર સવાલવાળા એલએન્ડટી કંપની નુ મીટર નંબરઃ ૮૧૩૮૩૭૦ ના પારામીટર પણ લેવામા આવેલ હતા. આ પારામીટર મુજબ (૧) CKwh-87524.43 (૨) CKWARHG-87943.81 (૩) CKVARHD-0.79 (૪) CKVAH-120207.04 (૫) CF KWH-1976.52 (૬) RC MD-24 (૭) CMD-444.74, દર્શાવે છે. આ પારામીટર ની બાબતો અભ્યાસે લેતા, CKWH-87943.81 અને CF KWH-1976.52, વચ્ચે ખુબજ મોટો તફવાત જણાયેલ છે. તદ ઉપરાંત, CMD-444.74 KW-, જે સદર મીટર અગાઉ શરૂઆતના ૧૫ યુનીટ થી લગાડયા તા.૦૨–૦૧–૨૦૦૯ થી, ઉતાર્યા તા.૧૩–૦૫–૨૦૧૦ સુધી ના ૪૯૬ દિવસો દરમ્યાન ના સમયગાળા મા પણ, સદર CMD-444.74 KW- તાંત્રીક દ્રષ્ટીએ પણ શકય જણાયેલ નથી. પેરામીટર ની આ તમામ બાબતો અભ્યાસે લેતા, ખાસ કરીને, CKWH-87943.81 અને CMD-444.74 KW-બન્ને પારામીટર અભ્યાસે લેતા, સદર સવાલવાળુ એલએન્ડટી કંપની નુ મીટર નંબરઃ ૮૧૩૮૩૭૦, જે '' ખરેખર ડિફેકટીવ '' હોવાનો અત્રેના તરફથી અભિપ્રાય, ફોરમ કમિટી સમક્ષ રજુ કરવામા આવે છે. |
| ૨.૪ | વિશેષ મા, ફોરમ કમિટી ની સુચના થી, સબંધક કચેરી ના જવાબદાર અધિકારીઓ દ્વારા તા.૧૧–૦૮–૧૬ ના રોજ તેમજ કાર્યપાલક ઈજનેર શ્રી દ્વારા પણ તા.૦૯–૦૯–૧૬ ના રોજ, ફરીયાદી અરજદાર ના સવાલવાળા ખેતીવાડી વીજજોડાણ નં.: ૩૪૮૬૩/૦૫૦૨૦/૮ (હોપા–૩) ના સ્થળ ની, ફરીયાદી અરજદાર શ્રી ની હાજરી મા મુલાકાત લેવામા આવેલ હતી. અને તા.૧૧–૦૮–૧૬ ના રોજ ના સ્થળ ચકાસણી (રોજકામ), જે ફરીયાદી અરજદાર શ્રી ના પ્રતિનીધી ની હાજરી મા કરાયેલ હતુ. જે મુજબ, ફરીયાદ અરજદાર ની સદર જોડાણ વાળી સીચાઈ ની જમીન, સર્વે નંબર : ૧૩ પૈકી નુ માપ, ૧ હેકટર – ૨૩ આરએ– ૪૦ મીટર ( આશરે ૦૫ વીઘા) જે રેવન્યુ દસ્તાવેજીક પેપર્સ મુજબ જણાયેલ હતુ. તેમજ, સદર સીચાઈવાળા સ્થળ ની આજુબાજુ ની ચારેય દિશામા, ફરીયાદી અરજદાર શ્રી ની માલીકી ની ખેતીવાડી ની જમીન જણાયેલ ન હતી. તદ ઉપરાંત, સીચાઈ માટે ના પાણી નો કુવો, કે જેના પર ફરીયાદી અરજદાર શ્રી નુ સવાલવાળુ ખેતીવાડી વીજજોડાણ નં.:૩૪૮૬૩/૦૫૦૨૦/૮ (હોપા–૩) અપાયેલ છે, તે કુવો ૫૦ ફુટ ની ઉંડાઈ નો જણાયેલ હતો, આ કુવો, ફરીયાદી અરજદાર અને તેના ભાઈ શ્રી ની ભાગીદારી વાળો જણાયેલ હતો, જેમાથી, ફરીયાદી અરજદાર, તેમજ તેમના ભાઈ, બન્ને સંયુકત રીતે સીચાઈ નુ પાણી મેળવીને, તેમની કુલ ૧૫ વિઘા જમીન મા સીચાઈ કરતા હોવાનુ જણાયેલ છે. આ કુવો, જે બારમાસી હોવાનુ જણાયેલ નથી. પરંતુ, સીઝનલ હોવાનુ જણાયેલ છે. |
| ૨.૫ | આમ, મુદદા નં. ૨.૪ મુજબ ની વિગતો અભ્યાસે લેતા, અગાઉ તા.૦૨–૦૧–૨૦૦૯ થી, શરૂઆતના ૧૫ યુનીટ થી લગાડવામા આવેલ આ મીટર ને, તા.૧૩–૦૫–૨૦૧૦ ના રોજ ઉતારવામા આવેલ છે. અને આ સમયે છેલ્લા રીડીગ લેબોરેટરી મા ૮૭૫૨૪.૪૩ જણાયેલ છે. આમ, તા.૦૨–૦૧–૨૦૦૯ થી તા.૧૩–૦૫–૨૦૧૦ સુધી, જોડાણ વાળા સ્થળ પર, સવાલવાળુ એલએન્ડટી કંપની નુ મીટર નંબરઃ ૮૧૩૮૩૭૦, જે કુલ ૪૯૬ દિવસો હૈયાત હતુ. આ ૪૯૬ દિવસો દરમ્યાન, સદર મીટર મા, સદર, પ્રતિદીન આઠ કલાક વીજપુરવઠા વાળા, અને જોડાણ ના કુલ ૦૩ હોપા ના વીજભાર વાળા, આ મીટર મા, કુલ ૪૯૬ દિવસો દરમ્યાન જે ૮૭૫૧૦ યુનીટ નોંધાયેલ છે, જે પ્રતિ દીન ૧૭૬.૫ યુનીટ ( ૮૭૫૧૦ ÷ ૪૯૬ દિવસો = ૧૭૬.૫ યુનીટ) ની સરેરાશ દર્શાવે છે. જે – ૦૩ હોપા ( ૨૨૩૮ વોટ – એટલેકે ૨.૨૪૦ કીવો), ના વીજભાર મા, પ્રતિ કલાક ૨.૫ યુનીટ ની વીજવપરાશ ની ગણતરીએ, પ્રતિદીન ૦૮ કલાક મુજબ, વધુમા વધુ ૨૦ યુનીટ પ્રતિદીન થવા જાય છે. જયારે, સવાલવાળા મીટર મા પ્રતિદીન ૧૭૬.૫ યુનીટ ની સરેરાશ વીજવપરાશ જણાયેલ છે. આ બાબત પણ, તાંત્રીક દ્રષ્ટીએ શકય નથી. |
| ૨.૬ | આમ, ઉપરોકત મુદદા નં. ૨.૩, ૨.૪ અને ૨.૫ મુજબ ની વિગતે વર્ણવેલ બાબતો, ફરીયાદી અરજદાર શ્રી ના સદર ખેતીવાડી વીજજોડાણ નં.: ૩૪૮૬૩/૦૫૦૨૦/૮ (હોપા–૩) ના સવાલવાળા એલએન્ડટી કંપની નુ મીટર નંબરઃ ૮૧૩૮૩૭૦ ને, ક્ષતિગ્રસ્ત હોવાની, તાંત્રીક તેમજ અન્ય તમામ બાબતે પૂર્તતા આપે છે. આમ, ફરીયાદી અરજદાર શ્રી નુ સવાલવાળુ મીટર ક્ષતિગ્રસ્ત હોય, ક્ષતિગ્રસ્ત મીટર ના કેઈસ મા, નામદાર જીઈઆરસી ના ધારાધોરણ– એટલેકે નોટીફિકેશન નંબરઃ ૧૧/૨૦૦૫ ( અગાઉ નો સપ્લાય કોડ) ના મુદદા નં.૬.૧.૮ અને ૬.૧.૧૧, તેમજ હાલ ના નામદાર જીઈઆરસી ના ધારાધોરણ– એટલેકે નોટીફિકેશન નંબરઃ ૦૪/૨૦૧૫ ( હાલ નો સપ્લાય કોડ) ના મુદદા નં.૬.૫૮ મા કરાયેલ જોગવાઈ મુજબ,સદર ક્ષતિગ્રસ્ત મીટર ના સમયગાળા નુ બીલીગ, જોડાણ મા સ્થપાયેલ, પ્રતિ બીલીગ સરેરાશ યુનીટ મુજબ કરી શકાય. |

**મુદદા નં.–૩ :** **: નિષ્કર્ષ :**

| | |
|---|---|
| ૩ | ફરીયાદી અરજદાર શ્રી ની, ફોરમ સમક્ષ ની મુદદા નં. ૧.૧ મુજબ ની વિગતે ની ફરીયાદ, અને અગાઉ ફોરમ કમિટી સમક્ષ રૂબરૂ ઉપસ્થિત રહી અને કરાયેલ મૌખીક રજુઆત, તેમજ પીજીવીસીએલ પક્ષકાર તરફથી ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ મુદદા નં.૨.૧ થી ૨.૬ મુજબ ની વિગતો, તેમજ લેખીત અહેવાલ, સ્થળ ચકાસણી રીપોર્ટ, તેમજ મીટર ચકાસણી સબંધક દસ્તાવેજીક પેપર્સ, તેમજ અભિપ્રાય સાથે નો ખાસ અહેવાલ, વગેરે તમામ બાબતો ફોરમ કમિટી તરફથી, ઉંડાણપૂર્વક અભ્યાસે લેતા, સદર કેઈસ મા, ફોરમ કમિટી તરફથી નીચે મુજબ ની વિગતે નિષ્કર્ષ થયેલ છે. |

| | |
|---|---|
| **૩.૧** | ફરીયાદ અરજદાર શ્રી ના ખેતીવાડી વીજજોડાણ નં.: ૩૪૮૬૩/૦૫૦૨૦/૮ (હોપા–૩) નુ, એલએન્ડટી કંપની નુ મીટર નંબર: ૮૧૩૮૩૭૦, જે તાંત્રીક દ્રષ્ટીએ ક્ષતિગ્રસ્ત જાહેર થયેલ છે. ક્ષતિગ્રસ્ત મીટર ના કેઈસ મા, નામદાર જીઈઆરસી ના ધારાધોરણ– એટલેકે નોટીફિકેશન નંબર: ૧૧/૨૦૦૫ ( અગાઉ નો સપ્લાય કોડ) ના મુદદા નં.૬.૧.૮ અને ૬.૧.૧૧, તેમજ હાલ ના નામદાર જીઈઆરસી ના ધારાધોરણ– એટલેકે નોટીફિકેશન નંબર: ૦૪/૨૦૧૫ ( હાલ નો સપ્લાય કોડ) ના મુદદા નં.૬.૫૮ મા કરાયેલ જોગવાઈ મુજબ, સદર ક્ષતિગ્રસ્ત મીટર ના સમયગાળા નુ બીલીગ, જોડાણ મા સ્થપાયેલ, પ્રતિ બીલીગં સરેરાંશ યુનીટ મુજબ કરવાની જોગવાઈ છે. જે જોગવાઈ ને આધિન રહીને, અરજદાર શ્રી ના જોડાણ મા અપાયેલ (૧) માહે ઓકટોબર–નવેમ્બર –૨૦૦૯ નુ બીલીગ, જે અગાઉ, ૬૦૦ લોક યુનીટ મુજબ થયેલ છે, તે બીલ ને, ૬૦૦ લોક યુનીટ ને બદલે, ૧,૧૪૦ યુનીટ ની ગણતરીએ, રીવાઇઝ કરવા (૨) માહે ડિસેમ્બર–જાન્યુઆરી –૧૦ નુ બીલીગ, જે અગાઉ ૬૦૦ લોક યુનીટ મુજબ થયેલ છે, તે બીલ ને, ૬૦૦ લોક યુનીટ ને બદલે, ૧,૧૪૦ યુનીટ ની ગણતરીએ, રીવાઇઝ કરવા (૩) ફેબ્રુઆરી–માર્ચ –૧૦ નુ બીલીગ ( સવાલવાળુ બીલ પણ) જે અગાઉ ૮૬,૩૭૦ યુનીટ મુજબ થયેલ છે, , તે બીલ ને ૮૬,૩૭૦ યુનીટ ને બદલે, ૧,૧૪૦ યુનીટ ની ગણતરીએ, રીવાઇઝ કરવા (૪) તેમજ, એપ્રીલ – મે –૧૦ નુ બીલીગ, જે અગાઉ ૧૩,૨૬૦ લોક યુનીટ મુજબ થયેલ છે, તે બીલ ને પણ, ૧૩,૨૬૦ લોક યુનીટ ને બદલે, ૧,૧૪૦ યુનીટ ની ગણતરીએ, રીવાઇઝ કરવા ની બાબત, ફોરમ કમિટી ને, નામદાર જીઈઆરસી ના ધારાધોરણ મુજબ યોગ્ય અને વ્યાજબી જણાયેલ છે. જેથી, પીજીવીસીએલ પક્ષકાર ને, ફરીયાદી અરજદાર શ્રી ના જોડાણ મા, સવાલવાળા ક્ષતિગ્રસ્ત મીટર સમયગાળા ના, કરાયેલ સદર ૦૪ વીજબીલો ને, આ મુજબ ની – જોડાણ મા સ્થપાયેલ,૧,૧૪૦ યુનીટ સરેરાશ બીલીગ વીજવપરાશ ની ગણતરીએ, રીવાઇઝ કરી, રીવાઇઝ ગણતરી થતી કુલ રકમ માથી, અરજદાર પક્ષકાર તરફથી, સદર ૦૪ વીજબીલો દરમ્યાન, અગાઉ ભરપાઈ થયેલ રકમ જમા આપી, અને બાકી રહેતી રકમ ની જ વસુલાત કરવા બાબતે – સદર સુવ્યવસ્થિત પણે રીવાઇઝ ગણતરી પત્ર, જે યુનીટ અને રકમ ની આખરી ગણતરી અન્વયે, જમા / ઉધાર દર્શાવતી રકમ મુજબ નુ – ગણતરીપત્રક તૈયાર કરી, અરજદાર શ્રી ને ખાસ પત્ર સાથે, અત્રે ના ફોરમ ની જાણકારી હેઠળ દિન–૧૦ મા, અરજદાર શ્રી ને મોકલાવવા સબબ નો , પીજીવીસીએલ પક્ષકાર ને આદેશ આપવા બાબતે નો, સદર કેઈસ મા ફોરમ કમિટી તરફથી નિષ્કર્ષ થયેલ છે. |

**મુદદા નં.–૪ :** **હુકમ**

| | |
|---|---|
| **૪.૧** | સદર કેઈસ મા ફોરમ કમિટી તરફથી થયેલ નિષ્કર્ષ ના મુદદા નં. ૩.૧ મુજબ ની વિગતે, કાર્યવાહી કરવા માટે નો, પીજીવીસીએલ પક્ષકાર ને આદેશ આપવા સબબ નો, હુકમ થયેલ છે. |

**(શ્રીમતી કે.જે.મોટાણી )**
**સ્વતંત્ર સભ્ય**
**ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ**

**( એમ.એન.ઓઝા )**
**સભ્ય (ટેક)**
**ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ**

**(ટી.બી.ભીમાણી)**
**ચેરમેન**
**ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ**

નોંધ જો સદર નિર્ણય સાથે આપ સંમત ન હોય તો, આપ શ્રી તરફથી સદર નિર્ણય સામે, નિર્ણયપત્ર મળ્યા પછીનાં ૩૦ દિવસની અંદર, "નામદાર ઓમ્બુડ્સમેન (વિદ્યુત લોકપાલ), ગુજરાત વીજ નિયંત્રક આયોગની કચેરી, બ્લોક નં. ૩, પોલિટેકનીક કંપાઉન્ડ, આંબાવાડી, અમદાવાદ–૩૮૦ ૦૧૫" સમક્ષ લેખિત અપીલ અરજી કરી શકાય છે. અપીલ અરજી જો નાણાંકીય બાબત સબંધક હોય તો, સદર રકમના ૩૩% રકમ પીજીવીસીએલમાં વાંધા સાથે ભરપાઇ કરાયેલ હોવાનો ઉલ્લેખ અપીલ અરજીમાં થવો જરૂરી છે..